ટેક હોમ રેશનના વિતરણ માટેના ટ્રાન્સપોર્ટેશન ટેન્ડર બાદ ભાવ આખરી કરવા માટેની સમિતિ ની રચના કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસની વિભાગ

ઠરાવ ક્રમાંક : આઇસીડી-૧૧૨૦૧૭-૨૪૬૮-બ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૯/૧૧/૨૦૧૮

સંદર્ભ::-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૯/૮/૨૦૧૭ નો ઠરાવ ક:આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ

(૨) ટેક હોમ રેશન અમલિકરણ માટેની સમીક્ષા બેઠક તા.૧૦/૮/૨૦૧૮

(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૩૧/૮/૨૦૧૮ ના પત્ર ક: પોષણ- ૧/ આઇસીડીએસ/THR/૪૧૮૨૬/૨૦૧૮

ઠરાવ:

સંદર્ભ (૧) ના તા.૯/૮/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ મારફત ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવામાં આવેલ. સંદર્ભ (૨) ના સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસના અધ્યક્ષસ્થાને તા.૧૦/૮/૨૦૧૮ ના રોજ GCMMC અને જિલ્લા દુધ ઉત્પાદક સંઘ દ્વારા ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા માટેની યોજાયેલ મીટીંગ માં ટેક હોમ રેશનના વિતરણ માટેના ટ્રાન્સપોર્ટેશન ટેન્ડર બાદ ભાવ આખરી કરવા માટેની સમિતિ ની રચના માટે સુચન કરવામાં આવેલ. સંદર્ભ (૩) ના કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૩૧/૮/૨૦૧૮ ના પત્ર દ્વારા ટેક હોમ રેશનના વિતરણ માટેના ટ્રાન્સપોર્ટેશન ટેન્ડર બાદ ભાવ આખરી કરવા માટેની સમિતિ ની રચના માટે દરખાસ્ત કરેલ છે.

પુખ્ત વિચારણાના અંતે ટેક હોમ રેશન અમલિકરણ માટેની સમીક્ષા બેઠક ના નિર્ણય મુજબ ટેક હોમ રેશનના વિતરણ માટેના ટ્રાન્સપોર્ટેશન ટેન્ડર બાદ ભાવ આખરી કરવા માટેની નીચે મુજબનો સમિતિ ની રચના કરવા ઠરાવ કરવામાં આવે છે.

૧. ગુજરાત સહકારી દૂધ વિતરણ સંઘ તરફથી ૨ સભ્યો

૨. બનાસ ડેરી , સુમુલ ડેરી, આણંદ ડેરી તરફથી એક પ્રતિનિધિશ્રી

3. નાયબ સચિવ, ICDS

૪. નાણા સલાહકાર ,નાણા વિભાગ

સમિતિના કાર્યો:

- ઉપરોકત કમિટીના સભ્યોની હાજરીમાં ટેન્ડરના ભાવો આખરી કરવાના રહેશે.
- આ સમિતિની મીટીંગ ફેડરેશન્ન ખાતે કરવાની રહેશે.
- ટ્રાન્સ્પોર્ટેશન માટેના ટેન્ડરની તમામ કાર્યવહી ફેડરેશન દ્વારા કરવાની રહેશે.
- ટ્રાન્સ્પોર્ટેશન ના ભાવ ટ્રાન્સ્પોર્ટેશન માટે પ્રતિ કિલો. રૂ.૪.૫૦ ની મર્યાદામાં કરવાના રહેશે.

ટેક હોમ રેશનના પેકેટ દર મહિને એક વાર પુરતી સંખ્યામાં દરેક આંગણવાડીને પહોંચાડવાની જવાબદારી ડેરીઓની છે. જે માટે ટ્રાન્સપોર્ટેશન નું ટેન્ડર ગુજરાત સહકારી દૂધ વિતરણ સંઘ તરફથી એકત્રિત બાહર પાડવાની રહેશે. (દરેક વિસ્તારમાં એક સરખો ભાવ રહે તે હેતુથી).

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રી ની તા.૫/૯/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ લલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ લલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૫. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૬. નાયબ સચિવશ્રી (આઇસીડીએસ), મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૮.. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
૯.. તમામ પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ)
૧૦. તમામ પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા (અર્બન)

૧૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
૧૨.. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
૧૩. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફ્ડરેશસ્ન, આણ૬દ
૧૪. બનાસ દૂધ ઉત્પાદક સંધ, બનાસકાંઠા.
૧૫. સુમુલ દૂધ ઉત્પાદક સંધ, સુરત.
૧૬. સિલેક્ટ ફાઇલ